પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૨૮ ૧૮ જુલાઈ, ૨૦૨૨, સોમવાર; અષાઢ વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આજે રાષ્ટ્રપતિપદ માટેનું મતદાન

## એનડીએ ઉપરાંત શીનસેના, બસપા, બીજુ જનતાદળ, ઝારખંડ મુક્તિ મોરચો જેવા પ્રાદેશિક પક્ષોએ સમર્થન જાહેર કરતા દ્રૌપદી મુર્મુનો નિશ્ચિત મનાતો જંગી વિજય





નવી દિલ્હી, તા.૧૭

દેશના રાષ્ટ્રપતિપદ માટેનો ચુંટણી જંગ ખેલાશે. દિલ્હી સહિત રાજ્યના પાટનગરમાં સવારે ૧૦ થી સાંજે ૫ સુધી મતદાન યોજાશે.

એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મુ અને વિપક્ષના સંયુક્ત ઉમેદવાર યશવંતસિંહા વચ્ચે જંગનું મતદાન નોંધાવાનું છે. ધારાસભ્યો અને સંસદસભ્યો આ પદ માટે મતદાન કરી શકે છે. પ્રત્યેક રાજ્યોમાં ધારાસભ્યોના મતોનું મૂલ્ય વસ્તીના પ્રમાણમાં અલગ અલગ હોય છે. જ્યારે સંસદ સભ્ય દેશની વસ્તીના પ્રમાણે હોય છે.

મતદાન પૃથ્થકરણના અંતે ખૂબ જ સ્પષ્ટ રીતે દેખાય છે કે, એનડીએ દ્રૌપદી મુર્મુનો વિજય જંગી મતોથી થશે. જ્યારે વિપક્ષી ઉમેદવાર યશવંતસિંહાનો પરાજય પણ નિશ્ચિત મનાય છે.

શીવસેના, ઝારખંડ મુક્તિ મોરચો, બીજુ જનતાદળ જેવા અનેક વિપક્ષોએ દ્રૌપદી મુર્મુને ટેકો જાહેર કર્યો છે. આ સમગ્ર ચૂંટણીનું પરિણામ ફરીથી પ્રધાનમંત્રી મોદીની વિચક્ષણતાને પુરવાર કરશે.

## માર્ગરેટ અલ્વા સંયુક્ત વિપક્ષના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર

નવી દિલ્હી, તા.૧૭

એનડીએ બાદ હવે સંયુક્ત વિપક્ષે ઉપરાષ્ટ્રપતિ પદે પોતાના ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. ગોવા, ગુજરાત, રાજસ્થાન અને ઉત્તરાખંડના પૂર્વ રાજ્યપાલ રહેલા માર્ગરેટ અલ્વાને વિપક્ષે ઉપરાષ્ટ્રપતિ



પદના ઉમેદવાર બનાવ્યા છે. હવે તેમનો મુકાબલો એનડીએના ઉમેદવાર જગદીપ ધનખડ સામે થવાનો છે. આજે એનસીપી સુપ્રીમો શરદ પવારના દિલ્હી નિવાસ્થાને યોજાયેલી વિપક્ષની બેઠકમાં માર્ગરેટ અલ્વાને ઉમેદવાર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## પંજાબમાં દારૂ પીને ડ્રાઈવિંગ કરતા ઝડપાશો તો કરવું પડશે રક્તદાન

### ટ્રાફિકના નિયમોમાં ફેરફાર કરતા નોટિફિકેશન જાહેર

ચંદીગઢ, તા.૧૭

પંજાબ સરકાર તરફથી શુક્રવારે જાહેર કરાયેલા નવા ટ્રાફિક નિયમને લઈને વિવાદ શરૂ થઈ ગયો છે. નવા નિયમ પ્રમાણે રાજ્યમાં દારૂ પીને ગાડી ચલાવવા પર ડ્રાઈવરોએ રક્તદાન કરવું પડશે કે પછી નજીકની હોસ્પિટલમાં કોમ્યુનિટી સર્વિસ આપવી પડશે. આ સિવાય નિયમોનો ભંગ કરનારે પરિવહન વિભાગ પાસેથી એક પ્રમાણ પત્ર લેવુ પડશે અને બે કલાક માટે બાળકોને ટ્રાફિક નિયમ વિશે તાલીમ આપવી પણ જરૂરી રહેશે. ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવા પર સામાન્ય દંડ ત્રણ મહિના માટે ડ્રાઈવિંગ લાયસન્સ સસ્પેન્ડ થશે. ગુનાઓમાં ઓવરસ્પીડિંગ, મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો, દારૂ પીને ગાડી ચલાવવી, ત્રિપલ સવારી અને રેડ લાઈટ જમ્પ સામેલ છે. વારંવાર નિયમનો ભંગ કરનારે ડબલ દંડ ભરવો પડશે. પંજાબ પોલીસે ઉલ્લંઘનોની તપાસ કરવા અને નવા નિર્દેશોને લાગૂ કરવા માટે અવરજવર વેરિકેડિંગ સ્થાપિત કરવાની પણ જાહેરાત કરી છે. નોટિફિકેશન પ્રમાણે દારૂ પીને ગાડી ચલાવવા, ડ્રગ્સનો ઉપયોગ કરી અને ગાડી ચલાવવા સમયે મોબાઈલ ફોનનો ઉપયોગ કરવા પર ૫ હજારનો દંડ ફટકારવામાં આવશે. બીજીવાર દોષી સાબિત થશે તો ડબલ દંડ ભરવો પડશે.

## સિદ્ધિ : દેશમાં ૧૮ મહિનામાં ૨૦૦ કરોડ ડોઝ

નવી દિલ્હી, તા.૧૭

ભારતે કોરોના વાયરસ સામે લડવા માટે શરુ કરેલા રસીકરણ અભિયાનમાં મોટું લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું છે. દેશમાં કોરોના સામે લડવા માટે ૨૦૦ રસીના ડોઝનો આંકડો ૨૦૦ કરોડનો પાર થઈ ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા પ્રમાણે દેશના ૯૮% વયસ્ક લોકોએ ઓછામાં ઓછો રસીનો એક ડોઝ લઈ લીધો છે જ્યારે ૯૦ ટકા ફુલ વેક્સિનેટેડ થઈ ગયા છે. આંકડા દર્શાવે છે કે ૧૫થી ૧૮ વર્ષના બાળકોનું ૮૨% રસીકરણ (એક ડોઝ) થઈ ચુક્યું છે. આ ઉંમરના લોકો માટે ૩ જૂનથી રસીકરણ અભિયાન શરુ કરવામાં આવ્યું હતું, જેમાંથી ૬૮% એવા છે કે જેમણે રસીના બન્ને ડોઝ



લઈ લીધા છે. ૧૨થી ૧૪ વર્ષના બાળકોમાં ૮૧ ટકાએ રસીનો પહેલો ડોઝ લીધો છે જ્યારે ૫૬% એવા છે કે જેમણે રસીના બન્ને ડોઝ લઈ લીધા છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે કોરોના સામે લડવા માટે દેશમાં ચાલી રહેલા રસીકરણ અભિયાનમાંથી ૭૧% રસીકરણ ગામડાઓમાં થયું છે જ્યારે ૨૯% કાશ્મીર, હિમાચલ પ્રદેશ, લક્ષ્યદ્વીપ, ચંદીગઢ, તેલંગાણા અને ગોવામાં ૧૨થી મોટા તમામનું ૧૦૦ ટકા રસીકરણ થયું છે.

રસીકરણના આંકડામાં (૧૨,૧૩,૧૫,૯૧૧)નો સમાવેશ થાય છે, આ આંકડા રવિવારે સવારે ૭ વાગ્યા સુધીના છે. રસી માટે સક્ષમ તમામ ઉંમરના નાગરિકોમાં

### ભારતમાં વેક્સિનેશન ડ્રાઈવેમાં દેશની અને વિદેશની રસીઓ અપાઈ : ૧૨ વર્ષથી ઉપરના નાગરિકોને રસી આપવામાં આવે છે

શહેરી રસીકરણ કેન્દ્રો પર થયું છે. જેમાંથી ૪૮.૫% મહિલાઓનું જ્યારે ૫૧.૫% રસીકરણ પુરુષોનું થયું છે. જ્યારે ૦.૦૨% રસીના ડોઝ 'અન્ય'ને આપવામાં આવ્યા છે. દેશમાં આંધ્રપ્રદેશ, આંદામાન અને નિકોબાર ટાપુ, જમ્મુ અને સૌથી ટોપ પર આવતા પાંચ રાજ્યો આ પ્રમાણે છે - ઉત્તરપ્રદેશ (૧૩,૪૧,૯૩,૬૪૧), મહારાષ્ટ્ર (૧૭,૦૫,૫૯,૪૪૭), પશ્ચિમ બંગાળ (૧૪,૪૦,૩૩,૭૯૪), બિહાર (૧૩,૯૮,૫૨,૦૪૨) અને મધ્યપ્રદેશ ૫,૬૩,૬૭,૮૮૮ લોકોને બૂસ્ટર ડોઝ પણ આપવામાં આવ્યા છે. ભારતમાં કોરોનાના રસીકરણ અભિયાનમાં ૧૦૦ કરોડ ડોઝનો આંકડો પાછલા વર્ષે ૨૧ ઓક્ટોબરે થયો હતો, અને ૧૫૦

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૦,૫૨૮ નવા કેસ નોંધાયા

નવી દિલ્હી, તા.૧૭

દેશમાં કોરોના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. સતત ચોથા દિવસે ૨૦ હજારથી વધુ કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨૦,૫૨૮ નવા કેસ ૪૯ સંક્રમિતોના મોત થયા છે. જ્યારે ૧૭,૭૯૦ સંક્રમિતો સાજા થયા છે. એક્ટિવ કેસ ૧.૪૩ લાખને પાર થયા છે. દૈનિક પોઝિટિવિટી રેટ ૪.૮૦ ટકા છે. દેશમાં એક્ટિવ કેસ ૧,૪૩,૪૪૯ પર પહોચ્યા છે. જ્યારે કુલ મૃત્યુઆંક ૫,૨૫,૭૦૯ થયો છે. અત્યાર સુધીમાં ૪,૩૦,૮૧,૧૪૧ લોકો કોરોના સામે જંગ જીત્યા છે.

દેશમાં રસીકરણનો આંક ૧૯૯,૯૮,૮૯,૦૯૭ થયો છે, જેમાંથી ગઈકાલે ૨૫,૫૯,૮૪૦ ડોઝ આપવામાં આવ્યા હતા.

## શારજાહથી હૈદરાબાદ જતી ઈન્ડિગોની ફલાઈટનું લેન્ડિંગ

### ઈન્ડિગોની ફ્લાઈટનું કરાચીમાં ઈમરજન્સી લેન્ડિંગ




નવી દિલ્હી, તા.૧૭

પાકિસ્તાનના કરાચીમાં ઈન્ડિગો વિમાનની ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી. ફલાઈટ શારજાહથી હૈદરાબાદ આવી રહી હતી. મળતી માહિતી મુજબ ટેક્નિકલ ખામીના પગલે ફલાઈટનું લેન્ડિંગ કરાવવામાં આવ્યું. ટેક્નિકલ ખરાબીની સૂચના મળતા ક્રૂ મેમ્બર્સે વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવાનો નિર્ણય લીધો. મુસાફરોને હવે બીજા વિમાનથી હૈદરાબાદ લઈ જવાશે. અત્રે જણાવવાનું કે બે અઠવાડિયામાં કરાચીમાં ભારતીય વિમાનનું આ બીજું ઈમરજન્સી લેન્ડિંગ છે.

ઈન્ડિગો એરલાઈન્સ તરફથી કહેવાયું છે કે શારજાહ-હૈદરાબાદ ફલાઈટના પાઈલટને વિમાનમાં ટેક્નિકલ ખરાબીની જાણકારી મળી. ત્યારબાદ સુરક્ષા કારણોસર વિમાનને કરાચી તરફ ડાઈવર્ટ કરાયું. હાલ મુસાફરોને હૈદરાબાદ લાવવા માટે કરાચી માટે એક વધારાની ફલાઈટની વ્યવસ્થા કરાઈ છે.

## ભારતની પ્રાઈવેટ કંપનીઓ બનાવી શકશે મિલિટ્રી હેલિકોપ્ટર

નવી દિલ્હી, તા.૧૭

મિલિટ્રી હાર્ડવેયરના ક્ષેત્રમાં ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં ઉઠાવેલા એક મોટા પગલા અંતર્ગત રક્ષા મંત્રાલયે રક્ષા અધિગ્રહણ પ્રક્રિયા મૈનુઅલમાં સંશોધન કરવાનો નિર્ણય લીધો છે. જેમાં પ્રાઈવેટ સેક્ટરને સાર્વજનિક રક્ષા ઉપક્રમોમાં બહુસંખ્યક ભાગીદારી સાથે આવશ્યક હથિયાર પ્રણાલીનું નિર્માણ કરવાની મંજૂરી મળશે. એક અગ્રણી અખબારમાંમાં છપાયેલા રિપોર્ટ પ્રમાણે સાઉથ બ્લોકના અધિકારીઓના હવાલાથી કહેવામાં આવ્યું છે કે રક્ષા ક્ષેત્રના સાર્વજનિક ઉપક્રમો સાથે પ્રાઈવેટ સેક્ટરની આ ભાગીદારીનું પ્રથમ પરિક્ષણ ઈન્ડિયન મલ્ટિ રોલ હેલિકોપ્ટરના (IMRH) વિકાસ અને નિર્માણમાં કરવામાં આવશે.

## સિંધુએ ચીની ખેલાડીને પછાડી સિંગાપુર ઓપનનો ખિતાબ જીત્યો

### પીવી સિંધુએ રચ્યો ઈતિહાસ : ભારતની પીવી સિંધુએ ફાઈનલમાં ચીનની ખેલાડી ઝી યી વાંગને ૨૧-૯, ૧૧-૨૧- ૨૧-૧૫ થી હરાવી દીધી

નવી દિલ્હી, તા.૧૭

સિંગાપુર ઓપન ૨૦૨૨માં ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુએ ધમાલ મચાવતા




ખિતાબ પોતાના નામે કર્યો છે. બેવાર ઓલિમ્પિક પદ વિજેતા રહેલી પીવી સિંધુએ ફાઈનલમાં ચીનની ખેલાડી ઝી યી વાંગને ૨૧-૯, ૧૧-૨૧- ૨૧-૧૫ થી હરાવી દીધી. સિંધુએ આ સીઝનનો પોતાનો ત્રીજો ખિતાબ જીત્યો. જ્યારે સિંગાપુર ઓપનમાં પહેલીવાર ખિતાબી જીત મેળવી. આ સાથે જ સિંધુ બેડમિન્ટન સુપર ૫૦૦ ટુર્નામેન્ટનો ખિતાબ જીતવામાં પણ સફળ રહી. અત્રે જણાવવાનું કે હવે સિંધુ બર્મિંઘમમાં આયોજિત કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની છે. સિંધુએ મહત્વપૂર્ણ પળોમાં ધૈર્ય જાળવી રાખીને રોમાંચક મુકાબલામાં એશિયાઈ ચેમ્પિયનશીપની હાલની ચેમ્પીયન ચીનની ૨૨ વર્ષની ખેલાડીને હરાવી ખિતાબ જીત્યો. આ પહેલા સિંધુ સીઝનની સૈયદ મોદી અને સ્વિસ ઓપન ટુર્નામેન્ટ જીતી ચૂકી છે. સિંધુ ઓલિમ્પિકમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મેળવી ચૂકી છે. આ ઉપરાંત વર્લ્ડ ચેમ્પિયનશીપમાં એક ગોલ્ડ, બે સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ મેળવી ચૂકી છે. આ અગાઉ દુનિયાની નંબર ૭ બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુએ સેમીફાઈનલમાં જાપાનની સાઈના કાવાકામીને સીધા સેટોમાં હરાવી દીધી હતી. સિંધુએ સેમીફાઈનલમાં ૨૧-૧૫, ૨૧-૭ના અંતરથી સરળતાથી મેચ જીતી હતી. જાપાની સ્ટાર કાવાકામી એક વખત પણ સિંધુ પર હાવી થતી જોવા મળી નહતી.

## કેન્દ્ર સરકારે આવતીકાલે સર્વદળીય બેઠક બોલાવી

### શ્રીલંકાના મંત્રી ભારતની પાસે મદદ માંગી રહ્યાં છે : તમિલનાડુના રાજનેતાઓએ ભારત સરકારને અપીલ કરી હતી કે સંકટની ઘડીમાં તે શ્રીલંકાનો સાથ આપે

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકારે શ્રીલંકા સંકટ પર મંગળવારે સર્વદળીય બેઠક બોલાવી છે, જેમાં કેન્દ્રીય મંત્રી નિર્મલા સીતારમણ અને એસ જયશંકર ત્યાંની સ્થિતિ વિશે જાણકારી આપશે. સંસદીય કાર્ય મંત્રી પ્રહ્લાદ જોશીએ આ જાણકારી આપી છે. નોંધનીય છે કે તમિલનાડુના રાજનેતાઓએ ભારત સરકારને અપીલ કરી હતી કે સંકટની ઘડીમાં તે શ્રીલંકાનો સાથ આપે.

સંસદના ચોમાસુ સત્ર પહેલા રવિવારે બોલાવવામાં આવેલી સર્વદળીય બેઠક દરમિયાન તમિલનાડુની પાર્ટી DMK અને AIADMK એ ભારતના પાડોશી દેશના મામલામાં હસ્તક્ષેપ કરવાની માંગ કરી, જે એક અભૂપપૂર્વ આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. રવિવારની બેઠક દરમિયાન દ્રમુક અને અન્નાદ્રમુક બંનેએ શ્રીલંકા ખાસ કરીને દેશમાં તમિલ લોકોની સ્થિતિ સંબંધિત મુદ્દાને ઉઠાવ્યો હતો. બેઠક બાદ દ્રમુક નેતા એમ થંબીદુરઈએ સંવાદદાતાઓને કહ્યુ કે ભારતે શ્રીલંકા સંકટના સમાધાન માટે હસ્તક્ષેપ કરવો જોઈએ.

ટ્રસ્દ્ર નેતા ટી આર બાલૂએ પણ શ્રીલંકાની વર્તમાન સ્થિતિના સમાધાનમાં ભારતના હસ્તક્ષેપની માંગ કરી હતી. શ્રીલંકા છેલ્લા સાત દાયકામાં સૌથી ગંભીર આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે, જ્યાં વિદેશી મુદ્રાની કમીને કારણે ભોજન, ઈંધણ અને દવાઓ સહિત જરૂરી વસ્તુઓની આયાતમાં મુશ્કેલી પડી રહી છે. સરકાર વિરુદ્ધ ઉગ્ર પ્રદર્શન બાદ આર્થિક સંકટે દેશમાં એક રાજકીય સંકટને પણ જન્મ આપી દીધો છે.

શ્રીલંકાના મંત્રી કંચના વિજેસેકારાએ પણ પોતાનું દુખ વ્યક્ત કરતા ભારત પાસે મદદ માંગી છે. તેમણે કહ્યું હતું કે ભારતે દરેક સમયે શ્રીલંકાની મદદ કરી છે. તેમણે કહ્યું કે ઈંધણને લઈને ઘણા દેશો પાસે મદદ માંગવામાં આવી છે. પરંતુ ભારત હંમેશા અમારી મદદ કરતું આવ્યું છે, તેથી તેની પાસે આશા વધુ છે.

## પુલવામામાં સુરક્ષાદળોની ટીમ પર આતંકવાદી હુમલો

### આતંકવાદી હુમલામાં એક જવાન શહીદ : દક્ષિણ કાશ્મીરના પુલવામામાં એક પોસ્ટ પર ચેકિંગ દરમિયાન આતંકીઓનું સુરક્ષાદળોની ટીમ પર ફાયરિંગ

પુલવામા, તા.૧૭

દક્ષિણ કાશ્મીરના પુલવામામાં આતંકી હુમલામાં એક જવાન શહીદ થઈ ગયો છે. અહીં ગોંગૂ ક્રોસિંગ વિસ્તારમાં પોલીસ અને સુરક્ષા દળોની એક ટીમ ચેકપોસ્ટ પર તપાસ કરી રહી હતી. ત્યારે આતંકીઓએ પેટ્રોલ પાર્ટી પર



ફાયરિંગ શરૂ કરી દીધુ. આ હુમલામાં સીઆરપીએફના આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર વિનોદ કુમાર ગંભીર રૂપથી ઈજાગ્રસ્ત થયા છે.

તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા જ્યાં તેમનું નિધન થયુ હતું. આ વિસ્તારમાં ઘેરાબંધી કરી સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. એએસઆઈ વિનોદ કુમાર આ આતંકી હુમલામાં શહીદ થયા છે. પાંચ દિવસ પહેલા જ શ્રીનગરની લાલ બજારમાં ચેક પોસ્ટ પર આતંકીઓએ પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

## બાંગ્લાદેશમાં હિન્દુઓ પર ફરી હુમલો કરવામાં આવ્યો

### ઘરો-મંદિરો અને દુકાનોમાં કરી તોડફોડ : પયગંબર મોહમ્મદ વિરુદ્ધ ફેસબુક ઉપર કથિત રીતે અપમાનજનક પોસ્ટ કરવા બદલ યુવકનું ઘર બાળી નાખ્યું

ઢાકા, તા.૧૭

બાંગ્લાદેશમાં પયગંબર મોહમ્મદ વિરુદ્ધ ફેસબુક પર કથિત રીતે અપમાનજનક પોસ્ટ કરવા બદલ એક હિન્દુ યુવકનું ઘર બાળી નાખવામાં આવ્યું. ગુસ્સે ભરાયેલી ભીડે મંદિર અને અન્ય દુકાનોને પણ નિશાન બનાવ્યા. આ ઘટના શનિવારની છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં ખુબ વાયરલ થઈ રહ્યો છે. બાંગ્લાદેશ પોલીસે આ ઘટના મામલે આકાશ સાહા અને તેમના પિતા અશોક સાહાની ધરપકડ કરી છે. આકાશ સાહા પર પયગંબર વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવાનો આરોપ છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ પોલીસે જણાવ્યું છે કે આકાશ સાહાએ પયગંબર વિરુદ્ધ ગુરુવારે અપમાનજનક ટિપ્પણી કરી હતી. કેટલાક પ્રદર્શનકારીઓએ શુક્રવારે તેના ઘરની બહાર પ્રદર્શન શરૂ કરી




દીધુ. તેમણે આકાશ સાહાના ઘરના એક રૂમમાં આગ લગાવી દીધી. ભીડે અન્ય દુકાનો અને મંદિરોને પણ નિશાન બનાવ્યા. આ ઘટનાની જાણકારી મળતા જ અનેક પોલીસ યુનિટ અને વરિષ્ઠ અધિકારીઓને નરૈલ જિલ્લામાં લોહાગોરા ઉપજિલ્લામાં આવેલા ગામમાં મોકલવામાં આવ્યા. ત્યારબાદ પોલીસે આકાશ સાહા અને તેમના પિતાને અરેસ્ટ કરી લીધા.

પોલીસે કહ્યું કે આકાશ સાહા અને તેમના પિતાની પૂછપરછ થઈ રહી છે.